જન્મદિને વધામણી

કિન્નર ઝવેરી
કારોબારી સભ્ય
ગાંધીનગર કલ્ચરલ ફોરમ
મો. ૯૮૨૪૦ ૨૧૧૩૫

વિભૂતિબા છત્રસિંહ ચૌહાણ

યોગેશ બી નાયી
મો. ૯૪૨૬૦ ૬૩૪૭૧

જયંતકુમાર રાવલ

તેજેન્દ્રકુમાર પટેલ
મો. ૯૯૦૪૧ ૫૮૭૬૨

મનિષાબેન પટેલ

મિહીર સુખદેવભાઈ દવે
મો. ૮૭૩૪૯ ૫૭૬૭૮

ક્રિશા યોગેશભાઈ રાઠોડ
મો. ૯૯૦૯૫ ૪૭૨૧૫

મધુબેન કરશનભાઈ પરમાર

બંસરી શુક્લ

ઠાકરસી ટી લુહાર

કરશનભાઈ ડી પરમાર

પુરુષોત્તમ રાયચંદ સોની

જ્ઞાન આનંદ પ્રજાપતિ

અશ્વિનભાઈ પટેલ કૉલેજમાં સાહિત્યિક કાર્યશાળા

કડી સર્વ વિદ્યાલય સંલગ્ન અશ્વિનભાઈ એ પટેલ કૉમર્સ કૉલેજ દ્વારા વિદ્યાર્થીઓમાં રહેલી સુષુપ્ત શક્તિઓને ઉજાગર કરવાના હેતુથી સાહિત્યિક કાર્યશાળાનું આયોજન કરવામાં આવ્યું હતું. એમ બી પટેલ શાળાનાં શિક્ષક અને જાણીતાં વક્તા ડૉ. વર્ષાબેન પારેખે વિદ્યાર્થીઓને 'સારા વક્તા કઈ રીતે બનાય ?' વિષયે માર્ગદર્શન આપ્યું હતું. કાર્યશાળા દરમિયાન વિદ્યાર્થીઓને અભિવ્યક્તિની જુદી જુદી ચાવીઓ આપવામાં આવી હતી. વિદ્યાર્થીઓની વ્યક્તિગત રજૂઆતને આધારે તેમને સૂચનો આપવામાં આવ્યાં હતાં. બે કલાકની આ કાર્યશાળાનો લાભ ૩૦ જેટલા વિદ્યાર્થીઓ દ્વારા લેવામાં આવ્યો હતો. આ કાર્યશાળાના બીજા દિવસે જાણીતા યુવા સર્જક અને મહાદેવ દેસાઈ ગ્રામસેવા મહાવિદ્યાલયના ગુજરાતી વિષયના અધ્યાપક ડૉ. ધ્વનિલ પારેખે કાવ્યલેખન અને કાવ્યપઠન અંગેનું માર્ગદર્શન આપ્યું હતું. વિદ્યાર્થીઓની કવિતાની વ્યક્તિગત રજૂઆતને આધારે તેમને સૂચનો આપવામાં આવ્યાં હતાં. ગુજરાતી સાહિત્યના જાણીતા કવિઓની કવિતાના દૃષ્ટાંત દ્વારા તેમને લય અને તાલની સમજ આપવામાં આવી હતી. બે કલાકની આ કાર્યશાળાનો લાભ ૨૦ વિદ્યાર્થીઓએ લીધો હતો. આ કાર્યશાળાનું સુંદર આયોજન કૉલેજનાં આચાર્ય ડૉ. વિજ્ઞા ઓઝાના માર્ગદર્શન હેઠળ ડૉ. કૃપાબેન ભટ્ટ અને પ્રો. નયનાબેન રંગવાળા દ્વારા કરવામાં આવ્યું હતું.

શ્રી પી કે ચૌધરી મહિલા કૉલેજ ખાતે વૃક્ષારોપણ કાર્યક્રમ યોજવામાં આવ્યો

શ્રી અખિલ આંજણા કેળવણી મંડળ સંચાલિત શ્રી પી. કે. ચૌધરી મહીલા આર્ટ્સ કોલેજ ના એન.એસ.એસ યુનિટ દ્વારા વૃક્ષારોપણનો કાર્યક્રમ યોજાયો. આ કાર્યક્રમમાં એન. એસ.એસ. યુનિટની સ્વયંસેવિકાઓ દ્વારા કોલેજ કેમ્પસમાં મોટા પ્રમાણમાં વૃક્ષોનું વાવેતર કરવામાં આવ્યું હતું અને તેનું જતન કરશે તેવું નક્કી કરવામાં આવ્યું હતું. પ્રોગ્રામ ઓફિસર ડો. નરેન્દ્ર પટેલ અને પ્રો. બી પી રાવ આ કાર્યક્રમમાં જોડાયા હતા અને આચાર્યા ડો. ઊર્મિલાબેન ચૌધરીએ વિદ્યાર્થીનીઓ અને અધ્યાપકોને શુભેચ્છા આપી હતી.

સરસ્વતી વિદ્યાલય ખાતે દેશભક્તિ ગીત સ્પર્ધા યોજાઈ

ગાંધીનગર, તા. ૧૪

સ્વામી વિવેકાનંદ એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત સરસ્વતી વિદ્યાલય ખાતે દેશભક્તિ ગીત સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં શાળાના વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

માધ્યમિક વિભાગના કુલ ૨૨ વિદ્યાર્થીઓ અને પ્રાથમિક વિભાગના ૨૭ વિદ્યાર્થીઓએ આ સ્પર્ધામાં ભાગ લીધો હતો. માધ્યમિક વિભાગમાં વિજેતા તરીકે અનુક્રમે નેન્સી સોલંકી, મયુરી રાવલ અને તૃતિય ક્રમે જીનલ રબારી, હેમાંગી રાઠોડ, હેલી પ્રજાપતિ, પ્રિયા બારોટ, પ્રિયાંશી શુક્લ, ખુશી સોલંકી, નિશા રાવલ અને પ્રાથમિક વિભાગમાં પ્રથમ ક્રમે હીર ગોસ્વામી, કાવ્યા મહીડા, કર્તવ્ય બારોટ, નવ્યા પરમાર, દ્વિતિય ક્રમે આઈના મનસૂરી, મોનલ ચારેલ, યશ્વી દવે, નિધિ મેસરિયા અને તૃતિય ક્રમે જીનલ પરમાર, અશ્વિની મિસ્ત્રી, મિત ચૌધરી અને અજય ભીંટ વિજેતા બન્યા હતા.

શ્રી જલારામ સેવા સમાજ દ્વારા રવિવારે વિદ્યા પુરસ્કાર સમારંભ

ગાંધીનગર, તા. ૧૪

શ્રી જલારામ સેવા સમાજ, ગાંધીનગર દ્વારા પ્રતિવર્ષની જેમ આ વર્ષે પણ ૧૯ ઓગષ્ટ ને રવિવારના રોજ બપોરે ૨.૩૦ કલાકે જલારામ ધામ, સેક્ટર-૨૯ ખાતે વિદ્યા પુરસ્કાર સમારંભનું આયોજન કરવામાં આવ્યું છે. ધોરણ-૧થી ૧૨ અને સ્નાતક-અનુસ્નાતક કક્ષાના તેજસ્વી છાત્ર-છાત્રાઓની અભ્યાસસાધનાને બિરદાવવા આમંત્રિત મહાનુભાવોના હસ્તે પુરસ્કાર અર્પણ કરી સન્માન કરવામાં આવશે. સમારંભના મુખ્ય મહેમાન પદે ઉણ વિભાગ કેળવણી મંડળ, ઉણ, તા. કાંકરેજ, જિ. બનાસકાંઠાના પ્રમુખ અમૃતભાઈ ઘેલા મુખ્ય મહેમાનપદે, અતિથિવિશેષ પદે મંગલમૂર્તિ ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રાઈવેટ લિમિટેડ, અમદાવાદના વિનોદભાઈ ગોકલાણી, બેચરાજી મંદિર, બેચરાજીના ટ્રસ્ટી નરેશભાઈ ઠક્કર બિરાજશે. સ્વામીનારાયણ મંદિર, સેક્ટર-૨ના મહંત પી પી સ્વામી આશીર્વચન પાઠવશે.

આર જી પટેલ કન્યા શાળા ખાતે માતૃસંમેલન અને વાલી મીટિંગ યોજાયું

ગાંધીનગર, તા. ૧૪

શ્રીમતી આર જી પટેલ કન્યા શાળા, સેક્ટર-૨૩ ખાતે માતૃસંમેલન તથા વાલી મીટિંગનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે મુખ્ય મહેમાન તથા વક્તા તરીકે ગુજરાત રાજ્ય બાળ આયોજનાં સભ્ય સચિવ ડૉ. રાજુલબેન દેસાઈ, ગુજરાત રાજ્ય મહિલા મોરચાનાં ઉપાધ્યક્ષ અરુણાબેન ચૌધરી તથા ગાંધીનગર જિલ્લા શિક્ષણાધિકારી એસ એમ બારડ ઉપસ્થિત રહ્યા હતા. રાજુલબેન દેસાઈએ પોતાના વક્તવ્યમાં વિદ્યાર્થીઓને સ્વબચાવ, ગૂડ ટચ, બૉડ ટચ, મહિલા હેલ્પલાઈન અભયમ્ (૧૮૧) અંગે રસપ્રદ માહિતી આપી હતી. અરૂણાબેન ચૌધરીએ વિદ્યાર્થિનીઓને મુશ્કેલીમાંથી કેવી રીતે ઉગરવું તે વિશે પ્રેરક વાતો કહી હતી. જિલ્લા શિક્ષણાધિકારીએ દીકરીઓને સાક્ષર બનાવવા માતાઓને ભલામણ કરી હતી. આ કાર્યક્રમમાં ૭૦૦ વિદ્યાર્થિનીઓ અને ૩૫૦ મહિલાઓએ ભાગ લીધો હતો. સંતાનમાં માત્ર એક જદીકરી હોય તેવાં ૫૨ મહિલાઓ તથા શાળાનાં ચાર કર્મચારી બહેનોનું સન્માન કરવામાં આવ્યું હતું. આચાર્ય સુધાબેન પટેલે સતત માર્ગદર્શન અને સહકાર પૂરાં પાડી કાર્યક્રમને સફળ બનાવવા ત્રણેય વિભાગના સુપરવાઈઝર્સનો ઉત્સાહ વધાર્યો હતો. આભારદર્શન કામિનીબેન મહંત દ્વારા કરવામાં આવ્યું હતું.

બી. સી. એ. કોલેજના વિદ્યાર્થીઓ "અમુલ" ઔદ્યોગિક એકમની મુલાકાતે

ગાંધીનગર, તા. ૧૪

કડી સર્વ વિશ્વવિદ્યાલય સંલગ્ન ભોળાભાઈ પટેલ કોલેજ ઓફ કમ્પ્યુટર સ્ટુડિઝ-બી.સી.એ.ના સેમિસ્ટર-૧માં અભ્યાસ કરતાં ૪૦ જેટલા વિદ્યાર્થીઓએ આજે અમુલ ડેરીના ઓટોમેશન પ્લાંટની મુલાકાત લીધી હતી. મુલાકાતના આયોજન વિષેની વધુ માહિતી આપતા કોલેજના ડાયરેક્ટર ડો. સંજય એમ શાહે જણાવ્યુ હતું કે ચાલુ શૈક્ષણિક વર્ષમાં પ્રવેશ મેળવેલા સેમેસ્ટર-૧ના વિદ્યાર્થીઓ ક્લાસરૂમમાં કમ્પ્યુટરના વિવિધ વિષયોની જાણકારી અને પ્રેક્ટિકલનું જ્ઞાન મેળવે છે ત્યારે ઈન્ડસ્ટ્રીની જરૂરિયાત મુજબનું પ્રેક્ટિકલ નોલેજ અત્યારથી મેળવે તે ખૂબ જ જરૂરી છે આ ઉમદા હેતુ સાથે આ વિઝિટનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ વિઝિટમાં વિદ્યાર્થીઓને અમુલ ડેરીના પેશ્ચયુરાઈઝેશન પ્લાન્ટમાં લઈ જવામાં આવ્યા હતા જ્યાં મશીનરી દ્વારા કાચા દૂધને મિક્સ કરવાની પ્રોસેસ, પેશ્ચયુરાઈઝેશન પ્રોસેસ, ફેટ સેપરેશન પ્રોસેસ, ટેસ્ટિંગ પ્રોસેસ અને પેકેજિંગ પ્રોસેસ વિષેની સમજણ આપવામાં આવી હતી ત્યારબાદ યુનિટ-૨માં તેઓને દૂધની અન્ય બનાવટો જેવીકે ઘી, માખણ વિગેરે મશીનરીથી કેવી રીતે જુદા થઈ તેનું પેકિંગ થાય છે તેની વિસ્તૃત માહિતી અમુલ ડેરીના અધિકારીઓ દ્વારા આપવામાં આવી હતી. આ અધિકારીઓએ વિદ્યાર્થીઓને જણાવ્યુ હતું કે કાચું દૂધ ડેરીમાં આવે ત્યારથી શરૂ કરીને દૂધ કોથળીઓમાં પેક થઈને તેના કન્ટેનર ભરાય ત્યાં સુધીની તમામ પ્રક્રિયા કમ્પ્યુટર દ્વારા સંચાલિત સાધનોથી થાય છે. બી.સી.એ.ના વિદ્યાર્થીઓને દરેક ક્ષેત્રે કમ્પ્યુટરનો ઉપયોગ કેવી રીતે થાય છે તે જ ભણવાનું હોય છે ત્યારે કમ્પ્યુટર સંચાલિત સાધનોથી થતી પ્રક્રિયા વિષેની જાણકારી તેઓને અત્યંત ઉપયોગી થઈ પડે તેમ છે. આખી પ્રક્રિયા વિશેની જાણકારી બાદ અમુલ ડેરીના સ્ટાફ મિત્રોએ વિદ્યાર્થીઓના વિવિધ પ્રશ્નોનું સમાધાન પણ આપ્યું હતું.

સમગ્ર વિઝિટનું આયોજન સંસ્થાના ડાયરેક્ટર ડો. સંજય એમ શાહના માર્ગદર્શન હેઠળ ડો. અભિજીતસિંહ જાડેજાના સહયોગથી પ્રો. બીજલ પરમાર, પ્રો. મેઘા ભટ્ટ અને પ્રો. યોગેંદ્ર પટેલ દ્વારા સફળતા પૂર્વક સંપન્ન કરવામાં આવ્યું હતું.

આદર્શ નિવાસી કુમાર શાળા ખાતે મહિલા સૌષ્ઠવ દિનની ઉજવણી

સ્ત્રીઓને સન્માન કેવી રીતે આપવું તેમજ શ્રેષ્ઠ વિદ્યાર્થી કેવી રીતે બનવું તે અંગે વિદ્યાર્થીઓને સૂચનો અપાયાં

ગાંધીનગર, તા. ૧૪

આદર્શ નિવાસી કુમાર શાળા, સેક્ટર-૮ ખાતે 'મહિલા સશક્તિકરણ પખવાડિયા' અંતર્ગત 'મહિલા સૌષ્ઠવ દિન'ની ઉજવણી કરવામાં આવી હતી.

આ પ્રસંગે રોટરી ક્લબ ઓફ કેપિટલના સભ્યો, કન્યા શાળા, સેક્ટર-૮નાં આચાર્ય, ગૃહમાતા અને વિદ્યાર્થિનીઓ તથા કન્યા છાત્રાલય, સેક્ટર-૧૩ની વિદ્યાર્થિનીઓએ વિશેષ હાજરી આપી હતી. પ્રમુખ વક્તા મમતાબેન રાવલે સ્ત્રીઓને સન્માન આપવું અને તેમને અન્યાય ન થાય તે માટે મદદરૂપ થવાની વાત કરી હતી. મહર્ષિ રાવલે ઉત્તમ વિદ્યાર્થી કેવી રીતે બની શકાય તે વિશે સૂચનો આપ્યાં હતાં. આ પ્રસંગે અલગ-અલગ ક્ષેત્રોમાં વિશિષ્ટ સિદ્ધિ પ્રાપ્ત કરનાર કન્યા છાત્રાલય, સેક્ટર-૧૩ અને કન્યા શાળા, સેક્ટર-૮ની વિદ્યાર્થિનીઓનું સન્માન કરવામાં આવ્યું હતું.

શાળાના આચાર્ય કે જી સોલંકીએ આ પ્રસંગે સૌને અભિનંદન પાઠવ્યા હતા. શિક્ષકો અને વિદ્યાર્થીઓ મહિલા સૌષ્ઠવ દિનના કાર્યક્રમમાં ઉત્સાહભેર જોડાયા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન અને આભારવિધિ તેજલબેન બ્રહ્મભટ્ટ હસુમતિ શાહ દ્વારા કરવામાં આવી હતી.

ગાંધીનગર સાહિત્યસભાની દર માસના બીજા રવિવારે યોજાતી બેઠક આ વખતે ત્રણ વિષયો સાથે મળી હતી. ઑગષ્ટ મહિનાની આ બેઠક ઉપાધ્યક્ષ સંજય થોરાતની અધ્યક્ષતામાં મળી હતી. સ્વતંત્રતા પર્વ, પવિત્ર શ્રાવણ માસ અને ક્યાંક દુષ્કાળ તો ક્યાંક તબાહી સર્જી રહેલી વર્ષાઋતુ જેવા ત્રિવિધ વિષયે આજે દરેક સર્જકે પોતાની કૃતિની પ્રસ્તુતિ કરી હતી. કલ્પેશ પટેલ, રમણલાલ શ્રીમાળી, સુમંત શાહ, દેવશંકર જોષી, જિતેન્દ્ર વ્યાસ, રણછોડ પરમાર, ગુલાબચંદ પટેલ, નટુ ગજ્જર, નિરંજન શાહ, સંજય થોરાતે પોતાની રચનાઓ આ બેઠકમાં પ્રસ્તુત કરી હતી. ઑગષ્ટ માસમાં જે સર્જકોના જન્મદિન આવતા હોય તેમને શુભકામનાઓ પાઠવવામાં આવી હતી. આભારવિધિ કલ્પેશ પટેલ દ્વારા કરવામાં આવી હતી.

જન્મદિને વધામણી

હરિન ભટ્ટ
સ્કલ્પચર આર્ટીસ્ટ

સુરેશકુમાર રત્નોત્તર
ગાયક, મો. ૯૪૨૮૧ ૧૧૨૯૩

કૃષ્ણા જયેશ ટાંક
૧૬-૮-૨૦૧૮

જયરાજસિંહ સરવૈયા
મો. ૯૮૨૫૨ ૫૩૯૩૩
ઉપપ્રમુખ, કલાગુર્જરી
કારોબારી સભ્ય, ગાંધીનગર
કલ્ચરલ ફોરમ, શિવરંજની

અરવિંદ છગુજી ખાંટ
ગાંધીનગર ભાજપ

શ્રીમતી આર સી પટેલ સ્કૂલમાં દેશભક્તિ ગીત સ્પર્ધા યોજાઈ

ગાંધીનગર, તા. ૧૪

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રીમતી આર સી પટેલ સેકન્ડરી અને હાયર સેકન્ડરી સ્કૂલ ખાતે ધોરણ-૯ અને ધોરણ-૧૧ સામાન્ય પ્રવાહના વિદ્યાર્થીઓ દ્વારા દેશભક્તિ ગીત સ્પર્ધા યોજવામાં આવી હતી. કાર્યક્રમમાં આચાર્ય વિનોદ આર પટેલ અને સુપરવાઈઝર્સ ઉપસ્થિત રહ્યા હતા.

કાર્યક્રમના નિર્ણાયક તરીકે અનિલાબેન પટેલે પોતાની સેવાઓ આપી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન કોમર્સ વિભાગનાં શિક્ષક મેઘા ભટ્ટ દ્વારા કરવામાં આવ્યું હતું.

શ્રીમતી આર સી પટેલ સ્કૂલમાં મોબાઈલ ફોનના દુરુપયોગ અંગે નાટ્યકકૃતિનું મંચન કરાયું

ગાંધીનગર, તા. ૧૪

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રીમતી આર સી પટેલ સેકન્ડરી એન્ડ હાયર સેકન્ડરી સ્કૂલના ધોરણ-૯ના વિદ્યાર્થીઓ દ્વારા મોબાઈલ ફોનના દુરુપયોગ વિશે એક નાટ્યકૃતિનું નિદર્શન કરવામાં આવ્યું હતું. આચાર્ય વિનોદ આર પટેલ અને સુપરવાઈઝર આ પ્રસંગે ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન માધ્યમિક વિભાગના ડૉ. નિખિલભાઈ પરીખ દ્વારા કરવામાં આવ્યું હતું.